# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૮/૧/૨૦૧૮

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

## ચેમ્બરમાં કેપીટલ માર્કેટ વીકની ઉજવણીના ભાગરૂપે પ્રથમ દિવસે 'બીહેવીયરલ ફાયનાન્સ' વિષય ઉપર સેમિનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કેપીટલ માર્કેટ વીકની ઉજવણીના ભાગરૂપે પ્રથમ દિવસે 'બીહેવીયરલ ફાયનાન્સ' વિષય ઉપર સેમિનાર યોજાયો હતો. જેમાં એન.જે. ઇન્ડીયા ઇન્વેસ્ટ પ્રા.લિ.ના મેનેજિંગ ડાયરેકટર શ્રી નીરજ ચોકસીએ વકતવ્ય રજૂ કરી શેરબજાર અને ઇકવીટીમાં રોકાણ સિમ્પલ છે પણ ઇઝી નથી તેમ જણાવી રોકાણકારોના બીહેવીયરલ બાયસ વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધન કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે ચેમ્બર દ્વારા જુદા જુદા સેકટરમાં કામ ચાલી રહયુ છે, ત્યારે કેપીટલ માર્કેટ વીકની ઉજવણીના ભાગરૂપે વિવિધ વિષયો ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ઇન્વેસ્ટમેન્ટ અને કેપીટલને લગતા વિવિધ પેરામીટર્સને આવરી લેવામાં આવશે. જેનો લાભ લેવા માટે તેમણે અનુરોધ કર્યો હતો.

શ્રી નીરજ ચોકસીએ જણાવ્યુ હતુ કે શેરબજાર અને ઇકવીટીમાં રોકાણ સિમ્પલ છે પણ ઇઝી નથી. ઇકવીટીમાં લાંબાગાળે રૂપિયા બને છે. મોટાભાગે લોકો ઓવર કોન્ફીડન્સમાં ખોટી કંપનીમાં ઇન્વેસ્ટ કરી દેતા હોય છે. થોડા સમય બાદ નુકસાન દેખાતુ હોય છે પણ મુળ કિંમત સુધી શેર વેચીશુ એવુ વિચારીને બેસી રહેવાને કારણે નુકસાન વેઠવાનો વારો આવે છે. તેમણે ઇકવીટીમાંથી જ વેલ્થ ક્રિએટ કરવા ઉપર ભાર આપ્યો હતો. ઇકવીટીમાં રાહ જોવાની છે અને ટાઇમ આપવાનો છે એ સ્માર્ટનેસ છે. પ્રેડકટીવિટીમાં જરાય સ્માર્ટનેસ નથી.

તેમણે ૧૦૧ વર્ષના ઇકવીટી અને બોન્ડના રિટર્ન વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે છેલ્લા ઘણા વર્ષોના આ ડેટા અને ઇતિહાસનો અભ્યાસ કરીને ઇકવીટીમાં રોકાણ કરવુ જોઇએ. ઇકવીટીમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધીના રોકાણમાં જ રૂપિયા બને છે. એમાં શોર્ટ ટાઇમમાં નહી જવાય. શેરબજાર અને ઇકવીટીમાં રોકાણ કરવા માટે તમને કેટલુ નોલેજ છે એ મહત્વનું નથી પણ કયારે એકટીવ થાવ છો એ મહત્વનું હોય છે.

શ્રી ચોકસીએ અવેબીલિટી બાયસ વિશે જણાવ્યુ હતુ કે શેરબજાર અથવા ઇકવીટીમાં રોકાણ કરનારા હાલની સ્થિતિને ઘ્યાનમાં રાખે છે અને જૂની બાબતો ભુલી જાય છે. કોઇપણ શેરની કિંમત ઓછી હોય ત્યારે રોકાણકારો જોતા નથી પણ જેવી કિંમત વધવા લાગે તેઓ એમાં ઇન્વેસ્ટ કરે છે પણ આ બાબત ખોટી છે. જે શેર અથવા પ્રોડકટની પ્રોગ્રેસ કાયમ હોય એનું પ્રોફીટ પણ કામય રહેશે. મનુષ્ય સ્વભાવ પ્રમાણે સસ્તુ મળે તો શંકા કરીએ અને મોંઘુ હોય તો બિન્ધાસ્ત ખરીદીએ પણ એમાં જ આપણને નુકસાન થાય છે. આથી આવા સમયે આપણા સેલ્ફ ડિસ્ટ્રકટીવ બીહેવીયરને બહાર કાઢવાનો હોય છે. આપણને પ્રોડકટનુ નોલેજ હોય છે પણ ઇમોશનલ થઇએ ત્યારે નુકસાન થાય છે.

તેમણે મેન્ટલ એકાઉન્ટીગ, કન્ફર્મેશન બાયસ, અવેબીલિટી બાયસ, લોસ એવર્ઝન બાયસ, સેલ્ફ કન્ટ્રોલ બાયસ, ચોઇસ પેરાલિસિસ અને ઓવર કોન્ફીડન્સ બાયસ વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે શેરબજાર અથવા ઇકવીટીમાં રોકાણ કરવા માટે તમે એડવાઇઝરની સલાહ લઇ શકો છો. એડવાઇઝર તમને કયા શેરમાં રોકાણ કરવાથી રૂપિયા બનશે એની માહિતી નહી આપશે પણ તમારા પરિવારની જરૂરિયાતની અને સારા ભવિષ્યની પ્લાનીગ કરી આપશે.

સેમિનારમાં ચેમ્બરની કેપીટલ એન્ડ કોમ્યુનિટી માર્કેટ કમિટીના ચેરમેન શ્રી રાકેશ દોશી તથા કમિટીના સભ્યો શ્રી દિપેશ પરીખ અને શ્રી જિગ્નેશ શાહે પ્રાસંગિક વિધીઓ કરી હતી. વકતાશ્રી દ્વારા રોકાણકારોના વિવિધ સવાલોના જવાબ આપવામાં આવ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.